# જિલ્લા પંચાયતની સામાન્ય સભા ચાલુ માસના અંતિમ સપ્તાહમાં મળશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ચાલુ માસના અંતિમ સપ્તાહમાં યોજાય તેવી શક્યતાઓના નિર્દેશો પ્રાપ્ત થયા છે.

મળતી વિગતો મુજબ પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભા માટે કાર્યસૂચિમાં સૂચવવા અંગેના મુદ્દાઓ પણ વિભાગો પાસેથી માંગી લેવામાં આવ્યા છે.

આ અંગેની તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે અને આ સપ્તાહના અંત સુધીમાં અથવા તો આગામી સપ્તાહના પ્રારંભે આ અંગેની તારીખ અને સમય નિયત કરી દેવામાં આવશે.

જિલ્લામાં ૧૪-૧૫-૧૬ દરમ્યાન યોજાનાર શાળા પ્રવેશોત્સવ પછી આ સામાન્ય સભા યોજવામાં આવશે. આ સામાન્યસભામાં કોઈ ખાસ મહત્વના કામો હાથ પર લેવામાં નહિ આવે તેમ જાણવા મળેલ છે.

પંચાયતના સૂત્રો આ બેઠકને રૂટીન બેઠક ગણાવી રહ્યા છે. ત્રણ મહિને યોજાતી બેઠક તેના સમયે યોજવાની કાયદાકીય જોગવાઈઓને આધીન આ બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં પંચાયતની વિવિધ સમિતિઓની મળેલ બેઠકમાં થયેલ કાર્યવાહીની નોંધ વંચાણે લીધા બાદ તેને બહાલી આપવામાં આવશે.

# સ્મશાનગૃહ ગાંધીનગરમાં અસ્થિ વિર્સજન નિમિત્તે ૧૧ જૂને પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના અંતિમ ધામમાંતા. ૧૨મી માર્ચથી ૮ જૂન સુધી સદ્ગત પામેલા આત્માઓના અસ્થિ પ્રાર્થના સભા. તા. ૯ જૂનને શનિવારે સેકટર-૩૦ ગાંધીનગર ખાતે અંતિમધામમાં સવારે ૯.૦૦ કલાકે રાખેલ છે. સદગત આત્માઓના માનમાં પ્રાર્થના સભામાં નગરજનો તથા સદગત સગા- સ્નેહી મિત્રોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

સદગતના અસ્થિઓ હરિદ્વાર હરિ રી પૌડી ખાતે તા. ૧૧ જૂનને સોમવારે સવારે ૭.૩૦ થી ૧૧.૩૦ સુધી વિધિવત રીતે વિસર્જન કરાશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ચલાવતી આ નિસ્વાર્થ અસ્થિ વિસર્જન સેવામાં અસ્થિકુંભ શ્રી શશીકાંત મોઢા તથા જે.કે. પટેલ લઈને જનાર છે. અંતિમધામ ખાતે ઉપસ્થિત ન રહી શકનાર સદગતાના સ્નેહીજનોએ રેલ્વે સ્ટેશન ગાંધીનગર પ્લેટ ફોર્મ નં. ૨ ઉપર સવારે ૯.૪૦ થી ૧૦.૧૫ સુધી અસ્થિકુંભ માટે ઉપસ્થિત રહી શકશે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે અખબારી યાદીમાં જણાવેલ છે.


# વનશ્રી ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

પર્યાવરણ ક્ષેત્રે સતત કાર્યરત વનશ્રી ટ્રસ્ટ દ્વારા રામપુરા ભોયણ ખાતે ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપ સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગ્રીન મોટીવેટર અંજના નિમાવત દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. પૃથ્વી પરના સંકટો અને પર્યાવરણની અસમતુલા વિશે માહિતી આપવામાં આવી હતી અને બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ સેમીનારમાં ૬૦ થી વધુ ગ્રામીણજનોએ ભાગ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન યશ પટેલ, સમર્થ અમીન દ્વારા કરવામાં આવ્યું હતું. ચૈતન્ય નિમાવતે સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.





# નિસર્ગ સાયન્સ સેન્ટરે શુક્ર સંક્રમણ નિદર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં સેકટર-૨૩માં આવેલું નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર છેલ્લા ઘણા વર્ષોથી વિજ્ઞાન અને ખગોળને લગતા અવનવા રસપ્રદ કાર્યક્રમો યોજે છે. તાજેતરમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા શુક્ર સંક્રમણ નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સદીની સૌથી મોટી અને અદભૂત ખગોળીય ઘટનાને નિહાળવા માટે નગરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

૬ જૂન ૨૦૧૨નાં રોજ આ સદીની સૌથી અદભૂત ખગોળીય ઘટના શુક્ર સંક્રમણના નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઘટના નિહાળવા માટે સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા વિશિષ્ટ ગોઠવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત બે ટેલિસ્કોપ ગોઠવવામાં આવ્યા હતા. રૂચિત પટેલ દ્વારા આ સંપૂર્ણ ઘટનાને લાવી મોટા પડદા પર પ્રોજેકટર દ્વારા દેખાડવામાં આવી હતી.

શુક્ર સંક્રમણની આ ઘટના નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સાયન્સ સેન્ટર ખાતે બાળકો તેમજ વાલીઓ પણ આ ઘટના જોવા માટે આવ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ખાસ પ્રકારના સોલર ફિલ્ટર (ચશ્મા)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય શુક્ર સંક્રમણ આધારિત ફિલ્મનું વિશાળ પડદા પર નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ આ સંક્રમણ નિહાળ્યું હતું.

આ સેન્ટર ખાતે આયોજીત કાર્યક્રમને સફળ બનાવવા માટે સેન્ટરના કો-ઓર્ડિનેટર શ્રી હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લામાં ગુનાખોરી ડામવા સઘન વાહન ચેકીંગ હાથ ધરાશે

## લાયસન્સ સહિતના દસ્તાવેજ નહી રાખનાર ચાલકનું વાહન ડીટેઈન થશે

ગાંધીનગર, તા. ૬

જિલ્લામાં ગુનાખોરી અટકાવવા જિલ્લા પોલીસવડાએ સઘન વાહનચેકીંગ ઝુંબેશ હાથ ધરવા તમામ પોલીસમથકોને સૂચના આપી છે. પ્રિકોશનના ભાગરૂપે હાથ ધરાનારી આ ઝુંબેશ દરમિયાન લાયસન્સ સહિતના દસ્તાવેજી કાગળોની ચકાસણી કરવામાં આવશે. આ મામલે બેદરકાર ચાલકોના વાહન ડીટેઈન કરવા સુધીના પગલા લેવાશે.

જિલ્લામાં મિલ્કત વિરૂદ્ધના તેમજ અન્ય પ્રકારની ચોરી અને ગુનાઓને ડામવા પોલીસતંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ સહિત તાલુકા મથકોએ વાહનચેકીંગ હાથ ધરવામાં આવે છે. જયારે જિલ્લામાં આ પ્રકારની ગુનાખોરી અટકાવવા તેમજ વાહન ચાલકો પણ ટ્રાફિક નિયમન અંગે વધુ સજાગ બને તેવા અભિગમ સાથે જિલ્લા પોલીસતંત્ર દ્વારા ખાસ વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

જેને અનુલક્ષી જિલ્લા પોલીસ વડા અર્ચના શિવહરેએ ગાંધીનગર, દહેગામ, માણસા, કલોલ સહિત ગ્રામ્ય વિસ્તારમાં પણ વાહનચેકીંગની ઝુંબેશ હાથ ધરવા પોલીસ અધિકારીઓને સૂચના આપી છે. જયારે વાહન ચેકીંગની ઝુંબેશ દરમિયાન કોઈપણ વાહનચાલક પાસે લાયસન્સ કે તે ઉપરાંત વાહનને લગતા અન્ય દસ્તાવેજોની પણ તપાસ કરવામાં આવશે. આ દરમિયાન વાહન સંબંધિત દસ્તાવેજો ઉપલબ્ધ નહીં હોય તો ત્વરિત અસરથી વાહન ડીટેઈન કરવા સુધીના પગલા લેવાશે. જિલ્લા પોલીસ વડા દ્વારા તમામ પોલીસમથકોને આ પ્રકારની વાહનચેકીંગ ઝુંબેશ હાથ ધરવા સૂચના આપી છે.

# વીજકરંટ લાગવાથી યુવાનનું મોત

ગાંધીનગર, તા. ૬

સે. ૩૦ જુલેલાલ મંદિર વિસ્તારમાં કામ કરતા શ્રમિકને વીજકરંટ લાગતા તેનું કરૂણ મોત નિપજ્યું છે. પ્રાપ્ય માહિતી અનુસાર સે. ૩ના છાપરામાં રહેતા નટુભાઈ સબુભાઈ ભાભોર (ઉં.વ. ૩૫) આજે સવારે સે. ૩૦ સ્થિત જુલેલાલ મંદિરમાં કામ કરતા હતા ત્યારે અચાનક તેમને વીજકરંટ લાગ્યો હતો. કરંટ લાગવાથી તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે સે. ૨૧ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સુરસંગજી કાનાજીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


# સેકટર-૪માં રોડનું સોલ્ડર લેવલ કરવા માંગણી

ગાંધીનગર, તા.૬

પાટનગર યોજના વિભાગ દ્વારા સેકટર-૪માં તાજેતરમાં જ નવા રોડ બનાવવામાં આવ્યા છે, તે રોડની ધાર ઉપર કાર્ટીંગ સોલ્ડરનું યોગ્ય લેવલીંગ કરવામાં આવે તે જરુરી છે. ખાસ કરીને રોડના કોર્નરો ઉપર રોડની ધાર કરતાં જમીનની માટી નીચી હોવાથી વાહન ચાલકોને પડી જવાનો ભય રહે છે. રોડની ધાર યોગ્ય લેવલની કરવાની જરૂર છે.

ગાંધીનગરના સેકટર-૪ના રીંગ રોડ પર ગોગા મહારાજ મંદિર કોર્નર, ઘ-દોઢ પાસે તથા સેકટર-૪/૫ પાસે આ સમસ્યા વધુ જોવા મળે છે. આ તમામ જગ્યાઓએ રોડની ધારથી જમીનનું લેવલ ખુબ જ નીચું છે. તેમજ ઓમકારેશ્વર મંદિર રોડ ઉપર પણ લેવલીંગ યોગ્ય જણાતું નથી. રીંગ રોડ પર જયાં જયાં કોર્નર કે વળાંક આવે ત્યાં આ મુશ્કેલી જણાતી હોવાથી રોડની ધાર પર માટી નાખી યોગ્ય લેવલીંગ કરાવવા વસાહતીઓએ માંગ ઉઠાવી છે. રોડની ધાર કરતાં જમીનનું લેવલ નીચું હોવાથી જયારે રોડની ધાર પર વાહન હંકારવામાં આવે છે ત્યારે ધીમે ધીમે રોડની ધાર તૂટી જવાનો સંભવ છે. આથી જો રોડ સાઈડ કાર્ટીંગ સોલ્ડરનું યોગ્ય લેવલીંગ હશે તો રોડની આવરદા પણ વધી શકે તેમ છે.

સેકટર-૪-બી અને ૪-સી વિકાસશીલ વિસ્તાર હોવાથી નવા મકાનો બનતાં લાઈટ, ગટર, પાણી તથા ગેસ લાઈનો નાંખવા માટે આંતરિક રોડ પર ખોદકામ કરતાં બિસ્માર હાલતમાં છે. જે ધ્યાને લઈ ચોમાસાના આગમન પહેલાં જ નવા આંતરીક રોડ બનાવવા વસાહતીઓએ માંગણી કરી છે.





સે. ૨૨ શ્રેયસ સોસાયટીના અગ્રણીઓ દ્વારા સોસાયટીમાં સ્થિત ત્રિકોણીયા બગીચા ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. મંગળવાથી આરંભાયેલા ધાર્મિક પ્રસંગે ડૉ. અશ્વિન એન. દવે વ્યાસપીઠ પરથી ભાવિકોને કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથાનો સમય રાત્રીના ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન રાખવામાં આવ્યો છે.

# જાણવા જેવી હશે પરિપત્રોની વાતો ઘણી સરકારમાં સચિવાલયનાં સોનેરી સંબંધની વાતો જાણી અણસારમાં

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com


સચિવાલય એટલે સરકારી કર્મચારી, શુષ્કતા, પરિપત્રો, ઠરાવ, ચર્ચા, પૂર્તતા, ફાઈલ, ધક્કા, મુદ્દત, અધિકારીની રૂક્ષતા, કાગળો, નિતી- નિયમો... જેવાં શબ્દો અને કાર્યોમાં અટવાયેલી કામગીરી જેવો સર્વ સામાન્ય ખ્યાલ સામાન્ય જનતામાં વ્યાપેલો છે.. આખા રાજયનો વહીવટ અને વહિવટી કામકાજ જયાંથી થાય છે. ત્યાંના કર્મચારી અને અધિકારીની સમાજમાં અમુક ઈમેજ બંધાયેલી છે, પણ જેમ પાંચેય આંગળીઓ સરખી નથી હોતી એમજ અહીંયા પણ બને જ છે... પોતાના દિવસનો ત્રીજો ભાગ ઓફિસમાં વિતાવતાં અને ત્યાં પાડોશી ટેબલનાં કર્મચારી સાથે ભાઈચારો બનાવી આમ જનતાને અને અન્ય વિભાગનાં કર્મચારીને મદદરૂપ બની પોતાની કાર્યની સુગંધ પ્રસારવતાં કર્મચારી પણ વસે છે...

જૂના સચિવાલયનાં બ્લોક નં. ૧૩માં આવેલી માર્ગ અને મકાનની કચેરીનાં આલેખન વિભાગમાં કામ કરતાં ત્રણ કર્મચારીઓ એમની કાર્યશૈલી અને રીતભાતથી એમના વિભાગમાં અલગ છાપ ધરાવે છે. મુખ્ય નકશાગાર એનાં કે. આર. વસાવા છેલ્લા ૨૨ વર્ષથી સરકારીમાં સેવાઓ આપી રહ્યા છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં સેવા આપીને હાલ છેલ્લા બે વર્ષથી તેઓ આ કચેરીનો કાર્યભાર નિભાવી રહ્યા છે. પબ્લિક બિલ્ડીંગ, મોટાં બ્રીજ અને સ્ટ્રકચરલ ડિઝાઈનનાં નકશા આલેખવામાં તેઓ અનોખી હથોટી ધરાવે છે!!

કે.આર. વસાવાનાં બાજુના ટેબલ પર બિરાજમાન આર.એચ. વ્યાસ ૩૦ વર્ષના બહોળા અનુભવ સાથે સરકારને સેવાઓ આપી રહ્યા છે. રેખનકાર તરીકે છેલ્લાં ૮ વર્ષથી આ ટેબલ પરથી કાર્યકાજ સંભાળતા વ્યાસજી એકદમ પરોપકારી સ્વભાવનાં છે. સતત ઉત્સાહીત રહી આનંદથી કામ કરવાનો એમના સ્વભાવને લીધી મધપુડાને જેમ મધમાખી વળગે એમ આમને મળવા માટે આવનારની સંખ્યા અનેક છે.. એમનાં વિભાગની લાયબ્રેરી મેઈન્ટેન કરી લેવડદેવડનાં કામમાં તેઓ આવનારને એની ઈચ્છીત બુક અને માહિતી પુરી પાડીને જ વિદાય કરે છે!

વસાવાભાઈ અને વ્યાસજીની બેઠકો જે.એ. રાણા વગર અધુરી છે. જે.એ. રાણા બાપુના નામે પ્રખ્યાત છે, મોરીબાપુને ઉઠાડી અને રાણાબાપુને બેસાડો 'રામાયણ' સિવાયની બધી વાતો એમની મીઠી કાઠીયાવાડી લહેકામાં કહે એટલે આવનાર પાણી પાણી થઈ જાય... ઈરિગેશન વિભાગમાં રાણાબાપુ અને વ્યાસજીની જોડી ૩૦ વર્ષ જૂની એટલે 'શોલે'ના જય-વીરુના જમાનાની છે. મુખ્યત્વે સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, ભાવનગરના ઈરિગેશન કામોમાં પરસેવો પાડનારાં રાણાબાપુ છેલ્લાં આઠ વર્ષથી વ્યાસજી અને વસાવાજીની પંગતમાં સંગત આપી રહ્યા છે !!!

ગુજરાતની એજ્યુકેટેડ અને અન્ડર સ્ટેન્ડીંગ ધરાવતી પબ્લીકને કારણે કામકાજમાં અનેક સુવિધા રહે છે એવું આ ત્રણેયનું માનવું છે. આજુબાજુના ટેબલ પર ગોઠવાયેલા આ ત્રણ જણ વચ્ચે અધિકારી- કર્મચારી જેવો કોઈ ભેદભાવ નથી. વ્યાસજીની ગેરહાજરીમાં ટેકનીકલ બુકસની લાયબ્રેરીમાંથી આવનારાં અન્ય વિભાગનાં કર્મચારીને વસાવાભાઈ કે રાણાબાપુ કંટાળો કર્યા વગર ૧૫૦૦ બુકો માંથી બુક શોધી આપી આવનારનાં કાર્યને યશસ્વી બનાવવા અનેરું યોગદાન પુરું પાડે છે. ત્રણેય જણ વચ્ચે એની પાક્કી મિત્રતા કે એકાદની ગેરહાજરી એમનાં માટે કંટાળો સર્જે છે!



આઈ.ટી.આઈ.ના સિવીલ ડ્રાફસમેનનો કોર્સ કરી આવકાં વિદ્યાર્થી આ વિભાગમાં એપ્રેન્ટીસ તરીકે આવે છે અને વ્યાસજી અને રાણાબાપુ આ વિદ્યાર્થીઓને રેખનકારની તાલીમ આપી વ્યાવસાયીક ધોરણે સફળ થવાં પુરતું માર્ગદર્શન આપે છે. વસાવાભાઈ એમના આ બંને સહકાર્યકરોથી અત્યત રાજી છે. એકવાર એમના કાર્યાલયનાં એક પ્લોટરની હરાજી કરાયેલી અને એને લેવાં જ્યારે એ ભાઈ આવ્યા ત્યારે વસાવાભાઈ રજા પર હતાં અને એમનાં એક કોલ માત્રથી વ્યાસજીએ ગેટપાસ ગોતી આવનારા ભાઈને એનું કાર્ય પૂર્ણ કરવામાં પુરતો સહયોગ આપી વસાવાભાઈની ગેરહાજરી વર્તાવા દીધી નહોતી.

સરકારી કામ માટે આવતી આમ જનતા અને અન્ય વિભાગનાં કર્મચારીઓને ક્યારેક તો ખબર જ નથી પડતી કે ખરેખર કોણ કોનું કામ કરે છે. કામ થઈ જાય છે એજ મહત્વનું છે. વસાવાભાઈ- વ્યાસજી અને રાણાબાપુએ કાગળ પર આલેખેલી કેટલીક ઈમારતો, બ્રીજ અને સિંચાઈ આજે કાર્યરત છે, જ્યારે તેઓ એમના કરેલાં કાર્યનાં માર્ગોથી પસાર થાય ત્યારે પોરસાઈ ઉઠે છે.એમણે બનાવેલા બ્રિજ પરથી પસાર થતાં એમ જ અનુભવે જાણે એમની સિધ્ધીને પોતે જ બિરદાવતાં હોય!!!

ભાઈચારાથી ચાલતી આ કચેરીમાંથી ત્રણેક વર્ષ પહેલાં નિવૃત્ત થયેલાં બી.કે. ભાવસાર મુખ્ય નકશાગાર હતાં. આજે પણ તેઓ નિયમીત જી.ઈ.બી. થી પેટ્રોલ બાળી મિત્રોને મળવાં આવે છે, એ વાતનો જીવતી જાગતી સાક્ષી છે. સચિવાલયનાં કર્મચારી માત્ર ચાની કીટલીએ જ મળે એ વાતને તેઓ ખોટી સાબિત કરી હંમેશા એમની જગ્યાએ મળે છે અને એમનાં કામો સરકારી રૂએ ન કરતાં આત્મીયતા સાથે કરીને સરકારી કાર્યશૈલીને એક નવો આયામ આપ્યો છે. વસાવાભાઈ- વ્યાસજી અને રાણાબાપુ જેવું પ્રમાળ કાર્ય જો અન્ય કર્મચારી કરે તો કર્મયોગી તાલીમની કર્મચારીઓને જરૂરત જ નહીં રહે!!!

**જૂના સચિવાલયના માર્ગ અને મકાન વિભાગની 'માનવ સંપદા' જેવા કે. આર. વસાવા, આર.એચ. વ્યાસ અને જે.એ. રાણાની કાર્યશૈલીથી સરકારી કામકાજની છાપ ઉજળી થઈ છે**

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** એમઆઈબી- ૩ (હિન્દી) : ૧૧.૧૫

રાઉડી રાઠોડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :** હાઉસફુલ- ૨ : ૧૧.૩૦

વીકી ડોનર : ૨.૩૦

ઈશકઝાદે : ૪.૪૫

રાઉડી રાઠોડ : ૭.૧૫, ૧૦.૦૦

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**

રાઉડી રાઠોડ : ૯.૦૦, ૨.૩૦, ૭.૪૫

મેન ઈન બ્લેક ૩ડી (હિન્દી) : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

**: સ્ક્રીન-૨ :**

રાઉડી રાઠોડ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

**: સ્ક્રીન-૩ :**

રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૮.૩૦

ઈશકઝાદે : ૫.૪૫

**: સ્ક્રીન-૪ :**

રાઉડી રાઠોડ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** ઘણા સમયથી આરંભાયેલા કાર્યોનું પરિણાન શુભ આવશે. કૌટુંબિક જવાબદારીઓ પ્રત્યે ધ્યાન વધારે આપવુ પડશે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. દિવસ આપનો ઉત્સાહ અને આનંદથી પસાર થઈ શકશે.

**વૃષભ :** વ્યાપારક્ષેત્રે આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થશે. અનાયાસ જ ધન લાભ થવાની સંભાવના છે. સામાજિક કાર્યોમાં રુચિ લેશો. નોકરીમાં આપના કાર્યોની પ્રસંસા થશે.

**મિથુન :** આપે જે ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. કારણ વગર કોઈની સાથે તકરારમાં ન ઉતરવું.

**કર્ક :** આપના દ્વારા પ્રયોજાયેલા નવા વ્યાપારિક કરારો દ્વારા આર્થિક કાર્યના વિસ્તાર સંબંધી કાર્ય થશે. ધન યોગ કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડ કરાવી શકે છે.

**સિંહ :** જમીન- મિકલત સંબંધી તથા જમીન સાથે સંકળાયેલા વ્યવસાયલક્ષી કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવી યોજનાઓ પ્રારંભ થઈ શકશે. પોતાના પ્રયત્નોથી લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

**કન્યા :** ભૂલ કરવાથી વિરોધીઓ આપના પર હાવિ થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી લાવવો. વ્યવસાયિક લાભ થવાની સંભાવના છે. આપના નજીકના મિત્રવર્તુળમાંથી ભેટ મળવાની સંભાવના છે.

**તુલા :** નોકરી, વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં ભાગ્યવર્ધક સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. આર્થિક પ્રશ્નોનું નિકારણ થઈ શકશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

**વૃશ્ચિક :** કર્મક્ષેત્રમાં આપની કોઈ શોધ દ્વારા માન- સન્માનમાં વૃદ્ધિ થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકો માટે યોગ્ય જીવનસાથી પસંદ થઈ શકશે.

**ધન :** વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો થવાનો યોગ બને છે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

**મકર :** આપની આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. સ્વજનોથી મેળમેળાપ વધે તેવા પ્રયત્નો કરવા. ખાનપાનમાં સાવધાની રાખવી. જીવનસાથી સાથે કોઈ વિવાદ ઉભો ન થાય તેની કાળજી રાખવી.

**કુંભ :** અતિશય કોઈ પર વિશ્વાસ ન મુકવો. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થઈ શકશે.

**મીન :** આપે ધારેલા મહત્વના કાર્યો પૂર્ણ થવાની સંભાવના છે. નવા વિચાર કે યોજના પર ચર્ચા વિચારણા થશે. સામાજિક અને રાજકીય પદ- પ્રતિષ્ઠા અને ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ થશે.

## ચિરવિદાય

● સ્વ. ચતુરજી રામાજી ઠાકોર (ઉ. વ. ૫૫) મુ.પો. ગિયોડ તા., જિ. ગાંધીનગર